## આજ આનંદ

### લોકોમાં આનંદ વ્યાપો છે, કારણ કે....

A. આકાશમાં વાદળો ઉમટ્યાં છે.

B. મહેમાન આવવાના છે.

C. વરસાદ થંભી ગયો છે.

D. વરસાદ પડી રહ્યો છે.

- A.આકાશમાં વાદળો ઉમટ્યાં છે.

### આ કાવ્યમાં 'ધરતીએ ઓઢ્યાં લીલાં ચીર જો' એટલે ...

A. ધરતી પર લીલું વસ્ત્ર ઓઢાડ્યું છે.
B. ધરતી લીલીછમ બની છે.

C. ધરતી પર લીલો રંગ છાંટ્યો છે.

D. ધરતી પર લીલી ચાદર પાથરી છે.

- B.ધરતી લીલીછમ બની છે.

### ખેડુત ધોરીડાને તૈયાર કરે છે, કારણ કે...

A. વરસાદ પડી રહ્યો છે.

B. વરસાદની ઋતુ છે.

C. વરસાદ આવવાની તૈયારી છે.

D. વરસાદ થંભી ગયો છે.

- C.વરસાદ આવવાની તૈયારી છે.

### વર્ષા આવી રહી છે તે શાના આધારે કહી શકાય ?

- ઉત્તર-દક્ષિણ દિશામાંથી વાદળાં આકાશમાં ચડી આવ્યાં છે અને આકાશમાં ઝીણી ઝીણી વીજળી ઝબૂકવા માંડી છે. આના આધારે વર્ષા આવી રહી છે એમ કહી શકાય.

### ખેડુત અને એના બળદો શાનાથી શોભી રહ્યા છે ?

- કહેડુતો એના માથે બા6ધેલા લીલા રંગના કસબી ફેંટાથી અને એના બળદો એની કોટે બાધેલ ધુઘરમાળથી શોભી રહ્યા છે.

### વીરનું અને એના બળદોનું કલ્યાણ થાય તે માટે શું કરવામાં આવ્યું છે ?

- વીરનું અને એના બળદોનું કલ્યાણ થાય એ માટે વીરના લલાટે કુંકુમનો ચાંદલો કરવામાં આવ્યો છે અને તેના બળદોની ડોકે રાખડી બાધવામાં આવી છે

### વાવણિયાને કેવી રીતે શણગાર્યું છે ?

- વાવણિયા પર હીરલા જડીને એના પર મોતીની સેર બાધીને એને શણગાર્યું છે.

આ ગીત આપણા મન આગળ કેતલાંક આબેહૂબ દ્રશ્યો ખડાં કરે છે. આવાં ચાર દ્રશ્યોની યાદી તૈયાર કરો.

**ઉદાહરણ : આકાશ વાદળોથી ઘેરાયેલું છે; વીજળીના ચમકારા થાય છે. વાવણી માટે જતા વળદોને શણગાર્યા છે.**

1 ..........................................................................................

2 ..........................................................................................

3 ..........................................................................................

4 ..........................................................................................

- ખેડુતોના માથે લીલા રંગના કસબી ફેંટા શોભી રહ્યા છે. બળદોની કોટે ઘુઘરમાળ શોભે છે.

- ધરતી લીલીછમ બની છે. નદીના પાણીનો પ્રવાહ વેગથી વહી રહ્યો છે અને ગાયો લીલું ઘાસ ચરી રહી છે.

- વીરે શણગારેલા એના વાવણિયા હીરાથી અને મોતીની લટકતી સેરથી શોભી રહ્યા છે.

- બળદોની કોટે રાખડી બાંધી છે, વીરના લલાટ પર કુંકુમનો ચાંદલો શોભી રહ્યો છે.

## 'આવી અષાઢી બીજ' એ વિષય પર દસથી બાર વાક્યો લખો.

- અષાઢ મહિનામાં મેઘરાજાની સવારી વાજતેગાજતે આવી પહોંચે છે. આકાશમાઅં ઘનઘોર વાદળાં છવાઇ જાય છે. વાદળોના ગડગડાટ અને વીજલીના ચમકારા થાય છે. ઠંડા પવનના સુસવાટા સાત્હે ધોધમાર વરસાદ તુટી પડે છે.

- વરસાદના આગમન સાથે જ ચોમેર ખુશીનું વાતાવરણ છવાઇ જાય છે. પશુપંખીઓમાં આનંદ સમાતો નથી. મોર કલા કરી નૃત્ય કરે છે અને 'ટેહુક' ... 'ટેહુક'... ટહુકા કરે છે. કોયલ 'કુઉ'... 'કુઉ'... કરે છે. દેડકાં 'ડ્રાઉ'... 'ડ્રાઉ'... કરી વર્ષાને વધાવે છે. બાળકો રસ્તા પર આવીને વરસતા વરસાદમાં નહાતાંનહાતાં ગાય છે :

- 'આવરે વરસાદ, ઘેબરિયો પરસાદ
- ઊની ઊની રોટલી ને કારેલાનું શાક.'

- વરસાદ પડતા જ ખેડુતોનો હરખ સમાતો નથી. તેઓ ખેતરમાં અનાજની વાવણી કરે છે.

- અષાઢી બીજ એટલે વર્ષાના શુભ આગમનનો દિવસ. સૌ 'આવી અષાઢી બીજ' ગાઇને વર્ષાઋતુને વધારે છે.

### નીચેના શબ્દો માટે કાવ્યમાં કયા શબ્દો વપરાયા છે તે લખો :

1. ઉત્તર :
2. દક્ષિણ :
3. જુવાર :
4. પ્રવાહ :
5. ગાય :
6. બળદ :

- ઉત્તર : ઓતર
- દક્ષિણ : દખણ
- જુવાર : જારું
- પ્રવાહ : સેરું
- ગાય : ગરવી
- બળદ : ધોરીડા